॥ શ્રી ॥

શેઠ મનસુખભાઈ વિરહ.

મર્હુમ દાનવીર નરરત્ન શેઠ મનસુખભાઈ

ભગુભાઈના સ્મરણાર્થે

રચનાર,

સાંકળચંદ પીતામ્બરદાસ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર્સ જેશંગભાઈ મોતીલાલ શાહ એન્ડ કો.

અમદાવાદ

ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં શા. મોહનલાલ મગનલાલે છાપ્યું

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

પ્રત ૫૦૦૦.

અમુલ્ય.

गूजरात विद्यापीठ ग्रंथालय
(गुजराती कार्पोरॅशन विभाग)
अनुक्रमांक ४३५१ वर्गांक
पुस्तकनुं नाम મનસુખલાલ મિસ્ત્રી
विषय

॥ શ્રી ॥

શેઠ મનસુખભાઈ વિરહ.

મર્હૂમ દાનવીર નરરત્ન શેઠ મનસુખભાઈ
ભગુભાઈના સ્મરણાર્થે

રચનાર,

સાંકળચંદ પીતામ્બરદાસ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર્સ જેશંગભાઈ મોતીલાલ શાહ એન્ડ કો.

અમદાવાદ

ધી [illegible] પ્રેસમાં શા. ગો[illegible] છાપ્યું

સંવત ૧૯૬૯ સને ૧૯[illegible]

પ્રત ૫૦૦૦.

અમુલ્ય.

॥ શ્રી ॥

શેઠ મનસુખભાઇ વિરહ.

મર્હુમ દાનવીર નરરત્ન શેઠ મનસુખભાઇ
ભગુભાઈના સ્મરણાર્થે

રચનાર,
સાંકળચંદ પીતામ્બરદાસ શાહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
બુકસેલર્સ જેશંગભાઇ મોતીલાલ શાહ એન્ડ કો.

અમદાવાદ.
ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમા શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

પ્રત ૫૦૦૦.

અમુલ્ય.



મર્હુમ દાનવીર નરરત્ન શેઠ મનસુખભાઈ ભગુભાઈ.

જન્મ સંવત ૧૯૧૧.   સ્વર્ગવાસ સવંત ૧૯૬૯.

શેઠ મનસુખભાઇ વિરહ.

મર્હુમ દાનવીર નરરત્ન શેઠ મનસુખભાઈ ભગુભાઈના વિરહનો વિલાપ.

દોહરા.

પોરવાડ પૂર્વે થયા, **વસ્તુપાલ તેજપાલ**
તે કુળવંશ વિષે થયા, **મનસુખભાઇ** મયાળ. ૧
ધર્મમૂર્તિ **ભગુભાઇ** જે, હતા ઘણા ગુણવાન,
પુત્ર પનોતા પાકીયા, **મનસુખભાઇ** સુજાણ. ૨
ઓગણીસહે અગિયારમાં, જનમ્યા શાણા શેઠ,
બુદ્ધિ રિદ્ધિ સિદ્ધિ થકી, વધ્યા વૃક્ષ વડ પેઠ. ૩
ઓગણીસહે અગણોતરે, માગશર દ્વાદશિ કૃષ્ણ,
સ્વર્ગે શેઠ સિધાવીયા, થયા સ્વજન મન ઉષ્ણ. ૪
ગામ નગર પુરમાં ગઈ, માઠા તારથી વાત,
જ્યા ત્યા હડતાળો પડી, કરે લોક કલ્પાત. ૫
પડયો ધર્મનો થાભલો, ત્રુટી પુણ્યની પાળ,
અનાથનો આશ્રમ ગયો, હા ! હા ! દૈવ કરાલ. ૬

વિશ્વાસ ન કાળ કસાઇનો, એનો ક્રુર સ્વભાવ ઠગાઇનો,
કર્યો કોળીયો **મનસુખભાઈ**નોરે. આજ. ૪

ધર્મ મંદિરના સ્તંભ સાચા, [1]**પ્રેમ** [2]વીરને [3]લાલ નહીં કાચા,
ગયા પહેલા રહી જશવાચારે, આજ. ૫

પણ **મનસુખભાઈ** સ્તંભ મોટો, ધર્મ મહેલનો આખો રહ્યોતો,
આજ ભાગ્યો એ સ્તંભ ઓચિંતોરે. આજ. ૬

હાય! ગોળીગોળો આજ ફુટયો, દાનવીર ઉપર દૈવ રૂઠયો,
આજ ગરિબના બેલીને કુટયોરે. આજ. ૭

જ્ઞાની દુનીયાં દીવાની વીછોડી, ગયા માયા સંબંધિની છોડી,
કાળે પુણ્ય પ્રનાળિકા ત્રોડીરે. આજ. ૮

જિર્ણ જૈનમંદિરો ઉદ્ધરીયા, કંઇક સ્થાને નવાં પણ કરીયા,
જ્ઞાનોદ્ધારમાં વીત વાવરીયારે. આજ. ૯

ગુપ્તદાન ગરિબોને દીધાં, વળી સાર્વજનિક કામ કીધા,
વીસ લાખના ડંકા પ્રસિદ્ધારે. આજ. ૧૦

પ્રતિનિધિપણે પેઢી તારી, આણંદ કલ્યાણની સારી,
જાત્રાળુની પિડા નિવારીરે, આજ. ૧૧

તન મન ધન હિંમત લાવી, ન્યાયપૂર્વક લડત ચલાવી,
જાત્રાળુને દાદ અપાવીરે. આજ. ૧૨

---

૧ શેઠ પ્રેમચંદ રાયચંદ. ૨ શેઠ વીરચંદભાઈ દીપચંદ. ૩ શેઠ લાલભાઇ દલપતભાઈ.

જ્ઞાનદાન જીવિતદાન કામે, કીર્તિસ્તંભો રોપ્યા સામ સામે,
[1]જૈનશાળા [2]ઔષધશાળા નામેરે. આજ. ૧૩
પ્રમુખપદે બેશીને દીપાવી, જૈન કોન્ફરન્સ છઠ્ઠી શોભાવી,
ઉર ધર્મની લાગણી લાવીરે. આજ. ૧૪
ખોડાં ઢોરોને મુંગાં પ્રાણી, દુષ્કાળે દુભાવ્યા જાણી,
જીવાડયાં દયા શેઠે આણીરે. આજ. ૧૫
વહેપાર ધંધામાં વડાઇ, શેઠ **મનસુખભાઇ** સવાઇ
મીલ માલેક ગયા રીસાઇરે. આજ. ૧૬
ક્રોડ ઉપર કીધી કમાઇ, લાખો ખરચીને લીધી ભલાઇ.
જેની જગતમાં કીર્તિ ગવાઇરે. આજ. ૧૭
છેલ્લી સંઘની સેવા બજાવા, માનુ મુઠ્ઠીમાં જીવ શેઠ લાવ્યા,
સાચી સેવા બજાવી સિધાવ્યારે. આજ. ૧૮
તાર છુટયા નગર પુર ગામે, માઠી ખબર તણા ઠામઠામે,
પડી હડતાળો લોક ત્રાસ પામેરે. આજ. ૧૯
વાટે ઘાટે ને ચૌટે ચોકે, રૂવે સ્વજન સબંધી પોક પોકે,
હાય! ગયો દાનો સ્વર્ગલોકેરે. આજ ૨૦

---

૧ જૈનજ્ઞાનવર્ધકશાળા—જેમાં જૈનોના સુમારે ૫૦૦ વિદ્યાર્થિ-ઓને વ્યવહારિક, નૈતિક અને ધાર્મિક જ્ઞાન ઇગ્રેજી પાંચમા ધોરણ સુધી ફ્રી (મફત) અપાય છે.

૨ એ ઔષધશાળામાં હજારો દરદીઓને હોમીયોપેથીક મફત દવા મળે છે.

હવે સંઘની સાજ્ય કોણ કરશે, દીન અનાથ ક્યાં જઈ ઠરશે?
શેઠ **જમનાભાઈ** તો ઉદ્ધરશેરે. આજ. ૨૧
એમ વિલાપ થાય ઠામઠામે, લોક શોક થકી ના વિરામે,
અગ્નિસંસ્કાર દીધો દમામેરે. આજ. ૨૨
જુવાની દીવાનીની કરણી, જાણો ચાર દીવસની ચાદરણી,
પછી ઘોર અંધારી રયણીરે. આજ. ૨૩
જુઠી એ દીનની છે મેમાની, તજી જવું આ દુનીયા દીવાની,
અભિમાન શો કીજે મસ્તાનીરે? આજ. ૨૪
અરહટઘટ માળાના જેવો, વારાફરતી વારો હોય તેવો,
એક દહાડો છે સૌને દેવોરે. આજ. ૨૫
જીવ જવું ખરે ખાલી હાથે, પુણ્ય પાપના પડલો સંગાથે,
હાથે તે તો **સાંકળચંદ** સાથેરે. આજ. ૨૬

રાગ પરજ.

મેંદા તારો ખુબ છે હલાડોરે—એ રાગ.

ગયો દાનવીર સ્વધામેરે, શેઠ **મનસુખભાઇ** નામેરે—ટેક.
પુણ્યના પહાડનું શિખર પડ્યું, ગયો નોધારાનો આધાર,
ધર્મધામનો સ્તંભ તૂટયો આજ, ગરિબ કરે પોકાર,
મળે ક્યાં **મનસુખભાઇરે**? દાનવીર બીરૂદસવાઇરે, ગયો. ૧
શહેર ગામને કાઠિયાવાડમાં, ગુપ્ત કરાવી તપાસ,
જ્યાં જ્યાં સિજાતા સ્વામી ભાળે ત્યા, મદત મોકલે ખાસ,
ગયો આજ ગરિબનો બેલીરે, ખેલ દુનિયાનો ખેલીરે, ગયો.૨

નિરઉદ્યોગી જનને ઉદ્યમ, આપે અશક્તને અન્ન,
જાય જે શેઠની પાસે દીનજન, આવે ન ઉણું મન,
સુણે કોણ દાદ ગરિબનીરે ?, હવે રહી વાત નશીબનીરે. ગયો.૩
છપ્પનીયાને અઠ્ઠાવીસામા, વરતાવ્યો દુકાળે રોળ,
જીવદયા પ્રતિપાળ બિરૂદ રાખ્યું, પાળ્યું શેઠે બોલેબોલ,
જથ્થાબંધ ઢોર જીવાડ્યારે, માનજન ઘરના પોચાડ્યારે ગયો.૪
તિર્થના રક્ષણમા કોણ દોડશે ? ખરચીને આપ કમાઇ,
જૈનજવાહીરનો શુભ સાથી, હીરો ગયો હરતાઇ,
સલાહ કોણ સંઘને દેશેરે ? ગયો નર પંથી પ્રદેશેરે. ગયો.૫
શ્વાસ લગી શાસનને તિર્થની, જેને હતી મન દાઝ,
ધર્મચુસ્ત શેઠ ધર્મો તજી પોત, દોડતા તિર્થને કાજ,
ભગુભાઈ સુતે ભલાઇરે, લીધી જેની કીર્તિ ગવાઇરે. ગયો. ૬
મીર ગયા નરવીર ગયા વળી, અમીર ગયા રંક રાય,
લાયક **મનસુખભાઇ** ગયા પણ, જીવના જેહ સહાય,
કીધી કીર્તિની કમાણીરે, ગતિ શુભની એ નિશાનીરે. ગયો.૭
શેઠનાં સૌ શુભ કામોની નોંધથી, ભારત ગ્રન્થ ગુંથાય,
વિરહવિલાપના આ લઘુ ગ્રન્થમાં; ગુણગણ ક્યાંથી સમાય ?
ગુંથી એના જીવનચરિત્રનેરે, ચિતરશે વિબુધ કવિ ચિત્રનેરે.ગયો.૮
સંઘની સેવાને તિર્થ ઉદ્ધરવામાં, રાતદીવસ જેનું ધ્યાન,
સાંકળચંદ કહે ન મળે નર, બહાદુર શેઠ સમાન,
બધી બગડેલી બાજીરે, સુધારશે વિરલા કાજીરે. ગયો. ૯

આવો આવો જશોદાના કંત અમઘર આવોરે એ રાગ.

શેઠ **મનસુખભાઇએ** લીધી શાબાશી સારીરે,
પરદુઃખભંજનની મૂર્તિ હતી દેહધારીરે,
મણીભાઇએ સોંપેલા **કસ્તુરભાઈ** શેઠ ખોળેરે,
કર્યો વહિવટ તારણ્યું વહાણ પડ્યું નહિ ઝોલેરે. શેઠ. ૧
પુરૂશોત્તમભાઇ ને **દલપતભાઈ** કામ સાર્યારે,
વળી **કાળીદાસ ઉમાભાઇને** શેઠે તાર્યારે,
શેઠ મંગળદાસને સાચી સલાહ જેણે આપીરે,
બેરોનેટ ચીનુભાઈની જોડ ગઇ એ પ્રતાપીરે. શેઠ. ૨
શેઠ અંબાલાલની અનુભવ ઓથ તે ભાગીરે,
જ્યેષ્ટબંધુ ગયા **જમનાભાઈના** વડભાગીરે,
પ્રિય પીતાની **માણેકલાલને** ખોટ છે મોટીરે,
ભાણેજ **મણીભાઇને** મીલાની ચિંતા ચોટીરે. શેઠ. ૩
લાલ મિત્ર ગયો ઓચિંતા મળ્યા નહિ ભાવેરે,
એને મળવા ઉતાવળા વેગે શેઠ સિધાવેરે,
એવા પરઉપકારી શેઠ ગયા પરલોકેરે,
પરમારથમાં વીત વાપર્યુ રોકેટોકેરે શેઠ. ૪
જ્ઞાનશાળા કરી જિર્ણગ્રન્થ ઘણા ઉદ્ધરીયારે,
સાધુસાધવીને દેઈ મફત ભંડાર કઇ કરીયારે,
દાનશાળા સમાન રસોડાની રચના જેનીરે,
મિત્ર મેમાનને સ્વામીભાઇની પંગત સો બસેનીરે. ૫

છાપરીયાળીના ખોડાઢોરને માથે દેવુંરે,
નવું સહસ્ત્ર આપી ઋણમુક્ત કર્યું શેઠ કેવુંરે ?
ક્ષયરોગી ઉદ્ધરવાને સેનેટરીયમ કરવારે,
[1]પોણોલાખ હવા દવા કાજ દીધા દુઃખ હરવારે, શેઠ. ૬
જિનમંદિર સેરથા ગામ વિષે શુભ કરવારે,
દીધા દામ પચીશ હજાર ભાતુ ભવ ભરવારે,
ઇત્યાદિક મોટી સખાવતો હમણાં કીધીરે,
આઠ લાખ રૂપૈયાની મરતા પહેલા પ્રસિદ્ધીરે, શેઠ. ૭
ચાલુને સૌ મળી વીશલાખ, ગુપ્ત પોતે જાણેરે,
એવા દાનવીરની ખોટ પડી આ ટાણેરે,
શેઠ પુત્ર પીતાસમ દાનેશ્વરી ગુણી થાશેરે,
જેના ગુણ ગણના લખી ગ્રન્થ **સાંકળચંદ** ગાશેરે. શેઠ. ૮

દીલસોજીપત્ર.

અલબેલાંરે અબેમાન જોતાને જાહેમ—એ રાગ.

સુણો **જમનાભાઈ** સુજાણ, ધિરજ મન ધરીએ,
હોય ભાવી ભાવ પ્રમાણ, ખેદ ન કાંઇ કરીએ.
ઉગ્યો તે રવી અસ્ત થવાનો, જન્મ્યો તે મરનારરે,
જ્યાં ભરતી ત્યાં ઓટ થવાનો, છાય ન સ્થિર રહેનાર. ધિરજ. ૧
રાણા રાવ ગયા કઇ હાકમ, રહ્યા ન જાણ અજાણરે,
ગયા સદાચારી સજ્જન પણ, જીવતા તે નર જાણ. ધિરજ. ૨

---

૧. એવી સરતથી કે દોઢ લાખ ઉપરાત જેટલા વધારે ઉપજે તેટલાજ રૂપૈયા પ્રથમ આપેલા પોણાલાખ ઉપર શેઠ તરફથી આપવા.

રામ ગયા પણ નામ રહ્યા વળી, કામ રહ્યા છે ખાસરે,
ધર્મ ધુર [illegible] ર ગયા વીર, જનમન મદિર વાસ. ધિરજ. ૩
મનસુખભાઈ [illegible] રત્ન ગયા પણ, રહ્યા કામને નામરે,
દાનવીર વીરલા જન પાકે, કોહીનુર કોઈ ઠામ. ધિરજ. ૪
પણ એ વાટે જાતા કોઈનો, કોઈ ન ઝાલે હાથરે,
આવ્યો તેમ જીવ જાય એકલો, પુણ્ય પાપ લેઈ સાથ. ધિરજ. ૫
મોટાભાઈની ખોટ તમોને, પડી ઘણી આ વારરે,
જૈનસમાજ વિષે પણ એથી, અધિક પડી નિરધાર. ધિરજ. ૬
પણ ધિરજ ધરી ધિરજ આપો, વડીલ કુટુંબમાં આપરે,
શેઠ સુપુત્રને ભાણેજભાઈના, ટાળો મન પરિતાપ. ધિરજ. ૭
વિજયવાવટો ધર્મરાજ્યનો, રોપી શેઠ સમાનરે,
સઘની સેવા સરસ બજાવી, મેળવજો બહુ માન. ધિરજ. ૮

જૈનસમાજના અગ્રેસરો પ્રત્યે વિજ્ઞાપના.

વિપતી વેળાએ ધિરજ અતર ધરીએ- એ રાગ.

સુણો સકળ શેઠીયા, વાત એકાન્ત અમારી,
તમે જૈન છો જૈન પ્રજાનો, તમ ઉપર હક્ક ભારીરે, સુણો. ટેક.
જૈન જવાહીરમાથી રત્નો, કાળ કુસાઈ લે ચોરી,
એ દુઃખ કયા આગળ જઈ કહીએ? દૈવ ન સુણે અઘોરીરે. સુણો. ૧
જીવદયા પ્રતિપાળ જૈનીઓ, ધર્મધુર ધર ધોરી,
એવા નર ખુટે જગમાંથી, અધમ વધે બળજોરીરે. સુણો. ૨
વિષમકાળની ગતિ વિચારી, વિશ્વાસે નવ રહીએ,
આખર સૌ બાજી સકેલી, રાય રંક સૌ જઈએરે. સુણો. ૩

જે કરવું તે પહેલું કરવું, કાલ તણી શી વાતો ?
અણચિંતી આવીને પડશે, મોત તણી શિર લાતોરે. સુણો. ૪
એમ સમજીને સુણો શેઠીયા, ખરી પ્રતિજ્ઞા પાળો,
મનસુખભાઇને લાલભાઇ નામ, જિનશાસન અજવાળોરે. સુણો. ૫
અંબાલાલ, માણેકલાલ આદિ, સકળ શેઠ વડભાગી,
જૈન પ્રજાને આશા મોટી, આપ ઉપર રહી લાગીરે. સુણો. ૬
શાસનના શણગાર તમે છો, જિનશાસન દીપાવો,
સુકૃત દિલમાં પાળી, લ્યો લક્ષ્મીનો લ્હાવોરે. સુણો. ૭
એમ તમે સૌ વીર લઘુનંદન, એક પ્રજા કેરા ભાઇએ,
જાતીભાઇનું દુઃખ દેખીને, દુઃખીયા કેમ ન થઇએરે ? સુણો ૮
ધર્મકાજના તમે સુકાની, ફરજ તમારે માથે,
યાન ખરાબાથી કાઢો ત્યો, લાજ દાઝ તુમ હાથેરે. સુણો ૯
સંપ નહિ ત્યાં જંપ મળે નહિ, ક્લેશથી કોમની પડતી,
સંઘથી કુસંપ સહુ નિવારી, કરો કોમની ચઢતીરે. સુણો ૧૦
શું ઝાઝું કહેવું સમજુને ? સમજે સહેજ ઇસારે,
સાંકળચંદ કહે સૌ શાહજી, ધર્મ લાગણી ધારેરે. સુણો ૧૧

ઉપદેશક પદો.

રાગ સારંગ.

મન માંહે નહિ મોરા કેરા સમજાવું તોય શું થાય—**એ રાગ.**

નહિ ખબર કે પત્ર પહોંચ્યાના પરવાના કોઇએ ન મોકલ્યા,
સૌ કુટુંબ કલત્ર મુકી ગયા પણ કોઇ ન ફરી આવી મળ્યા. ટેક.
સામ્રાજ્ય રિદ્ધિ સિદ્ધિ ભારી, સુત માત તાતને સન્નારી,
મારૂં મારૂં કહે સંસારી. નહિ ખબર કે પત્ર૦ ૧

એ મમતા મોહ સહીત જાવે. પણ ત્યાંની ખબર ન કોઇ કહાવે,
અહીં મુખ બતલાવા નવ આવે. નહિ ખબર કે પત્ર૦ ૨
પિતુ પત્ર પાઠવે નહિ ભાવે, સંદેશો પુત્ર નહિ કહાવે,
એ ગુપ્ત ભેદ વિરલા પાવે, નહિ ખબર કે પત્ર૦ ૩
સાથીએ મધુર મધ કીધું, નહીં ખાધું દાન નહિં દીધું,
પણ લુટારે લુટી લીધું, નહિ ખબર કે પત્ર૦ ૪
ચણી હવેલીયો બનવા જેવી, પણ વાસ્તુ કર્યા વિણ ગયે સેવી,
અહા! દેવ તણી ગતિ છે કેવી? નહિ ખબર કે પત્ર. ૫
ધન સંચ પ્રપંચે પાપ બાંધ્યું, ગીધસમ સ્વજને ફોલી ખાધું,
નવ મોકલ્યું માલીકને આધું, નહીં ખબર કે પત્ર. ૬
હાથે કીધું આવે સાથે, રહ્યું બાકી તે બીજા હાથે,
જાય પુણ્ય પાપ હોય સંગાથે, નહિ ખબર કે પત્ર. ૭
કોઇ આજ કાલ કોઇ પાછ હશે, સૌ જન એ વાટે સંચરશે,
કરશે જેવું તેવું ભરશે, નહિ ખબર કે પત્ર ૮
બંધેરી હાથ બધે ખાલી, ઓચિંતાનું જાવું ચાલી,
શી કરવી માથાકુટ ઠાલી? નહિ ખબર કે પત્ર. ૯
જે પંથી પહોંચ્યા તે જાણે, બીજાની ચિંતા નવ આણે,
સાંકળચંદ કહે ન મળે ટાણું. નહિ ખબર કે પત્ર. ૧૦

રાગ આશાગોડી—ડામ છ છુટ વિકારી-એ રાગ.

દોલત દુનિયા હારી, જવું જીવ દોલત દુનીયાં હારી. ટેક
જનમ્યું તેહ જવાનું નક્કી, કોઇ રહ્યું નહિ જારી;
પળની ખબર નહિ પ્રાણીને, કાળ ભમે શિર દહાડી. જવું ૧

પાંડવ કૌરવ રામ ગજાનન, કંસ ગયા મોરારી;
રાવણ યોદ્ધા રણમાં હાર્યો, કીધી કાઇ પથારી. જવું ૨
સત્યવાદી હરિશ્ચંદ્ર ગયા વળી, હાકમને અધિકારી;
વીર ગયા ને ધીર ગયા કંઇ, અમીર ગયા નિરધારી. જવું ૩
મહામલ્લ યોદ્ધા ગત પામ્યા, રણમા યશ વિસ્તારી,
ચક્રવર્ત્તિ નિજ વૈભવ મૂકી, ચાલ્યા એકલહારી. જવું ૪
માતપિતા સુત નૌતમ નારી, પ્રીત પલકમા વિસારી,
પાપ પુણ્યના પલ્લા બાધા, જાય ખલક જો વિચારી. જવું ૫
પાપ પ્રપંચે પુંજી વધારી, બાધક કરી રખવારી,
કોડી એક ન સાથે આવે, હસ્તક ઓર જનારી. જવું ૬
અંત સમે સૌ વૈભવ ફોગટ, સત્ય ધર્મ સુખકારી,
સાંકળચંદ સદા પ્રભુ ધ્યાને, દુર્ગતિ દુર થનારી. જવું ૭

સંસાર સમજ લે શાણા મુસાફરખાનુ—એ **રાગ.**

એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું, કોઇ નથી રહ્યું ને
કોઇ ન રહેવાનું પ્યારા, પંથે જવાનું—એક દીન. ટેક.
સ્વજન સબંધી મેળો વર્ષાનો વહેળો વહાલા, (૨)
પંખીનું ટોળુ આખર ઉડીને જવાનું—પ્યારા પંથે જવાનું,
એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું.
જીવીત યૌવન રૂપ લાવણ્ય પ્રિય સમાગમ કારમા,
ચપળ ચપળા અથિર વૈભવ ડાભ જળબિંદુ સમા,
શો ગર્વ કરવો પ્રાણીયા ઉડી જવું પળવારમાં;
કોણ પત્ર લખશે પ્રેમનો સંસારના પરિવારમાં,
દાન દયા પરમારથ સાધ્ય પ્યારા (૨) **સાંકળચંદ** જેથી,
તારે સ્હેજ તરવાનું, પ્યારા પંથે જવાનું—એક દીન પંથીડા૦

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો નીચે લખેલા ઠેકાણેથી રોકડા મળશે અથવા વી. પી. થી મગાવવાથી મોકલવામાં આવશે. નોટ લેવામાં આવશે નહિ.

વૈરાગ્યતરંગ ભક્તિમાળા વૈરાગ્ય અને ભક્તિરસની ભરેલી રાહો અને રાગરાગણીઓ ... ઘણું ... છે. સંસાર સમુદ્રમાંથી ... અનુપમ ગ્રંથ એક અનુભવી ... સમાન છે. ... કિંમત માત્ર રૂ. ૦-૪-૦. ટપાલ ખર્ચ જુદું

શ્રીસુબોધમાળા—એ ... રત્નાકર, ... ભંડાર, અને નીતિનું મંદિર છે. આમાં ... પ્રસંગોનાં ... ગીતો અને હિતશિક્ષાનાં અનેક પદો છે ... કુટુંબમાં એકેક પ્રત ખાસ ... રાખવા લાયક છે. કિંમત માત્ર રૂ. ૦-૩-૦ છે.

પ્રાણીપોકાર—વગર કિંમતે માત્ર રૂ. ૦-૦-૬ ની ટીકીટ મોકલેથી મળી શકશે.

સાંકળચંદ પિતાંબરદાસ શાહ
ઠે. રાયપુર શામળાની પોળ—**અમદાવાદ**

બુકસેલર્સ જેશંગભાઇ મોતીલાલ શાહ એન્ડ કો.
પ્રેન્સી કાર્ડ કવરના વહેપારી,
રીચીરોડ—**અમદાવાદ.**